GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલયુગ પ્લેટફોર્મ્સ પર ગુજરાતી સાહિત્ય

દર્શનાબેન રમેશભાઈ પ્રજાપતિ
તાલીમાર્થી
આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન , આણંદ.

**સારાંશ**

આજના આ ડિજિટલ યુગથી ગુજરાતી સાહિત્યની દુનિયા પણ ડિજિટલ બની ગઈ છે . ગુજરાતી સાહિત્ય એ માત્ર પુસ્તકોના પાનામાં નથી,એ હવે આપણા ડિજિટલ મિત્ર એવા મોબાઈલમાં પણ જોવા મળે છે . હવે મોબાઇલ માત્ર હાય! હેલ્લો! પૂરતો ન રહેતા સોશિયલ મીડિયા પર પણ સાહિત્યના છાંટા ઊડ્યા છે . પુસ્તકાલયોનો સમય નિશ્ચિત હોય છે જેમ કે , સવારે ૧૦:૦૦થી સાંજના ૫.૦૦ અને જાહેર રજાઓ અને રવિવારે તો બંધ જ. પરંતુ આ હરતીફરતી લાયબ્રેરી હવે નાના બાળકોથી માંડી વડીલો સુધી એટલે કે સૌ કોઈ તેનો ઉપયોગ કરી રહ્યા છે . અને એ પણ ગમે તે સમયે . 'ડિજિટલ ગુજરાત 'હોય તો ’ડિજિટલ ગુજરાતી સાહિત્ય ’ કેમ નહીં ? સાહિત્યવાંચક તો ડિજિટલ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરે જ છે પરંતુ જાણેઅજાણે પણ અન્ય વ્યક્તિઓ પણ તેની સાથે જોડાય છે .

આજે સોશિયલ મીડિયા , બ્લોગ્સ અને ઈ – બુકની મદદથી હાથ ન ધરી શકાય તેવા પુસ્તકો પણ સહેલાઈથી વંચાય છે . આજના યુવાનો , લેખકો તથા વડીલો ઈન્ટરનેટના માધ્યમથી પોતાની રચનાઓ તરત જ પ્રસિદ્ધ કરી શકે છે અને વાચકોની લાઈક, કૉમેન્ટ દ્વારા પ્રતિક્રિયા મેળવી શકે છે . અને એમાંય સાહિત્યરસિકો માટે તો સાહિત્ય સાથે જોડાવાની એક ઉત્તમ તક મળી રહે છે . અને પોતાનું સર્જન પણ લોકો સમક્ષ રજૂ કરી શકે છે . અત્રે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર ગુજરાતી સાહિત્ય કેવું ફેલાય ગયું છે તેની વાત કરીશું.

## વિશ્લેષણ અને ચર્ચા

ગુજરાતી સાહિત્ય રચના આજે જુદા જુદા પ્લેટફોર્મ્સ પર પણ ખૂબ જ ઝડપથી ફેલાય રહી છે . ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્યને ઊડવાની નવી પાંખો મળી છે . જેમાં મુખ્ય ત્રણ બાબતો છે :

- **વૉટ્સએપ**

વૉટ્સએપ એક એવી એપ્લિકેશન છે જેમા પેહલા તો સ્ટેટ્સ દ્વારા રોજિંદા સંદેશા સ્વરૂપે સુવિચાર , કાવ્યો અને લેખો રજૂ કરાય છે . ઉપરાંત કોઈ વિશેષ દિવસને અનુકૂળ કવિતા , ગઝલ ,ટૂંકીવાર્તા , કાવ્યપંક્તિઓ શેર કરતા હોય છે . ઉદાહરણ તરીકે જોઈએ તો ૨૪ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ વિશ્વ ગુજરાતી દિવસ ઉજવાયો ત્યારે કવિ વીર નર્મદની જયંતિ પણ હતી ત્યારે તેમની એક પંક્તિ સૌથી વધુ સ્ટેટ્સમાં શેર થઈ હતી કે, ' હું ગુજરાતી છું અને મારી ભાષા ગુજરાતી છે ., મને ગુજરાતી હોવાનો ગર્વ છે .' આ

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ઉપરાંત વોટ્સએપગ્રુપ બનાવવામાં આવે છે . તેમાં કવિઓ , વાર્તાકારો , ગઝલકારો એમના ગ્રુપ બનાવે છે.જ્યાં નવી કવિતા , ગઝલ , વાર્તા શેર થાય છે . જે–તે ગ્રુપમાં ઓડિયો / વિડિઓ શેર થતા હોય છે . આ મારફતે કોઈ પણ વ્યક્તિ જાણે અજાણે પણ સાહિત્ય સાથે જોડાય છે . સાહિત્યરસિકો સાહિત્યની ચર્ચા કરવા અથવા સંમેલન કરવા માટે પણ વોટ્સએપ કોલ/ વિડિયો કોલમાં જોડાય છે . સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌથી ગુણાંકન ગુજરાતી સાહિત્યનું હોય છે . તેથી પરીક્ષાલક્ષી માહિતી માટે ગ્રુપમાં જોડાય છે અને તેમાં પણ સાહિત્યનું વાંચન થાય છે .

આમ, ડિજિટલ પ્લેટફોર્મ્સ એવા વોટ્સએપ દ્વારા ગુજરાતી સાહિત્ય પહોંચે છે .

**• બ્લોગિંગ**

ઘણા લેખકો ગુજરાતી સાહિત્યને પોતાના બ્લોગ દ્વારા નિબંધો , વાર્તાઓ , નવલકથાઓ તથા લેખો પ્રકાશિત કરતા હોય છે . એટલે કે વ્યક્તિઓ પોતાની માહિતી , વિચારધારા , અનુભવ કે સર્જનાત્મકતા લેખ સ્વરૂપે વેબસાઇટ કે બ્લોગ પોલ્ટફોર્મ્સ પર મૂકે છે . જેમાં જોઈએ તો ગુજરાતી બ્લોગ જગતમાં ૧૨૦૦થી વધુ ગુજરાતી બ્લોગ અને વેબસાઇટના નામ પ્રમાણે યાદી મૂકવામાં આવે છે . ૨૦૧૩ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ બ્લોગ વેબસાઇટ યાદીમાં લેખકના નામ સાથે મૂકવામાં આવે છે . ઉદાહરણ રૂપે જોઈએ તો 'અક્ષરનાદ ' એક બ્લોગ છે જેના બ્લોગર છે જીગ્નેશ અધ્યારુ . જેમાં અંતરની અનુભૂતિનો અક્ષર ધ્વનિની વાત કરવામાં આવી છે , જેમના પુસ્તકો ' વૃષાલી', 'કથાસહિતા ', 'કાશ્મીરી પંડિતની રૂંધાયેલી ચીસો ' વગેરે ઓનલાઇન એમેઝોન માધ્યમ થી ખરીદી શકાય છે . આ સિવાય હઝરથીય ઉપર બ્લોગ બનાવે છે જે wrdpress , blgpt, midiuam જેવી વેબસાઇટ પર મળી જાય છે.

**• સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ**

યુટ્યુબ ,ફેસબુક , ઈન્સ્ટાગ્રામ , ટ્વીટર , થ્રેડસ પર ગુજરાતી સાહિત્યની કવિતાઓ , ગઝલોબ, હાઈકુ , વાર્તા વગેરે રોજબરોજ પ્રકાશિત થાય છે . જેમાં સૂક્ષ્મ સ્તરે એટલે કે ટૂંકા સુવિચારો ખૂબ જ લોકપ્રિય છે . વ્યક્તિ લેખકના પૂરા કાવ્ય નહીં પરંતુ કાવ્યપંક્તિઓ વાંચતા જ હોય છે . જેમાં ફેસબુક ગ્રુપ્સ સાહિત્યિક ચર્ચા અને કાવ્યો શેર કરવા માટે ખૂબ જ સક્રિય છે . ઈન્સ્ટાગ્રામમાં ટૂંકીવાર્તા અને સુવિચારો લોકપ્રિય છે. જેમાં ઉદાહરણ જોઈએ તો vindjahi. Pet નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં કવિશ્રી વિનોદ જોશી સાહેબના કવિતા તથા લેખો લખેલા તથા 'પાંદડાએ લે મને ઊભી રાખી ... 'વગેરે જેવી કવિતા રજૂ કરતી વિડિઓ જોઈ શકાય છે .

**• ડિજિટલ પ્લેટફોર્મ્સના લાભો :–**

~ સાહિત્ય હવે માત્ર લખાણ પૂરતું ન રહેતા ચિત્ર ,અવાજ , વિડિઓ સાથેનું સાહિત્ય નવા આયમે પહોંચ્યું છે .

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

~ લેખક પોતાનું સર્જન તરત જ વાચકો સુધી પહોંચાડી શકે છે .

~ ડિજિટલ આર્કાઈવ દ્વારા સાહિત્ય લાંબા સમય સુધી સુરક્ષિત રહે છે .

~ અન્ય દેશમાં રહેતા ગુજરાતી વાચકો પણ સરળતાથી સાહિત્ય સાથે જોડાઈ શકે છે .

**• ડિજિટલ પ્લેટફોર્મ્સના પડકારો : –**

~ મૂળ લખાણ હોય તે કોપી (ચોરી) થવાની શક્યતા છે

~ લાંબી કથાઓની સરખામણીએ ટૂંકી પોસ્ટ વધુ વાંચવામાં આવે છે .

~ પુસ્તકાલય અને છાપેલ પુસ્તકો વાંચવાનો રસ ઘટી રહીયો છે.

~ સોશિયલ મીડિયા પર દરેક સર્જન સાહિત્ય ગણાતું નથી તેથી ગુણવત્તા નિયંત્રણોનો અભાવ જોવા મળે છે .

**નિષ્કર્ષ**

ડિજિટલ પ્લેટફોર્મ્સ ગુજરાતી સાહિત્યને નવી તક આપી છે . આજના યુગમાં કોઈપણ વાચક આંતરરાષ્ટ્રીય સ્તરે એકબીજાથી જોડાઈ શકે છે . સાહિત્યને વાંચવાનો અનુભવ બદલાયો છે ત્યારે તે હવે બહુવિધ માધ્યમો દ્વારા અનુભવાય છે . છતાંય ગુણવત્તા જાળવવી , મૂળ લેખનનું રક્ષણ કરવું અને પરંપરાગત વાંચન સંસ્કૃતિને જીવંત રાખવી એ મહત્વના પડકારો છે . આમ, ગુજરાતી સાહિત્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ પર વધુ ફેલાઈ ગયું છે જે જોઈ શકાય છે .

**સંદર્ભસૂચિ**

www.gujratilexicn.cm
Wrdpress.cm
Vindjshi.pet
Chitralekha.cm